C.C.NO. 248-2025

કેસ રજૂ તારીખ ઃ– ૧૬/૦૪/૨૦૨૫

દાખલ તારીખ ઃ–૧૬/૦૪/૨૦૨૫

ફેંસલ તારીખ ઃ–૧૭/૦૭/૨૦૨૬

સમયગાળો ઃ– વર્ષ માસ દિન

કુલ – ૦૧ ૦૩ ૦૧

==

લીલીયા તાલુકાના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુઃ–લીલીયા.

==

ફો.કેસ નં. ૨૪૮/૨૦૨૫

આંકઃ–

રેખાબેન પરશોતમભાઇ ગાયજન
ઉ.વ.૫૦, ધંધો–માનદ સેવા,
પ્રમુખ શ્રી,
શ્રી શિવશક્તિ મહિલા ક્રેડીટ કો.ઓ.સો.લી.
મુ. મોટા લીલીયા તા. લીલીયા
જિ. અમરેલી. ....**ફરીયાદી**

વિરૂધ્ધ

ફરજાનાબેન અકબરઅલી કુરેશી,
ઉ.વ.૫૦, ધંધો–ઘરકામ,
રહે.જુમા મસ્જિદ પાસે, સાગોરાની ડેલી,
મું. અમરેલી, તા.અમરેલી, જી.અમરેલી.

.................**આરોપી**

ગુન્હો :– નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮,૧૪૨ મુજબ

ફરીયાદી તરફે : વિ.વ. શ્રી કિશોર એમ. પાઠક

આરોપી તરફે : એક તરફી

-:: ઠરાવ: :-

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી શ્રી શિવશક્તિ મીહલા ક્રેડીટ કો.ઓ.સો.લી., મોટા લીલીયા, ખાતે મેનેજર તરીકે ફરજ પર છે અને ફરિયાદીની સંસ્થા સહકારી બચત અને ધિરાણ કરતી નાણાકીય સંસ્થા છે અને સદર સંસ્થાની હેડ ઓફીસ લીલીયા મૂકામે આવેલ છે અને જેઓની સંસ્થા/મંડળી તેમના સભાસદોને લોન/ધિરાણ આપે છે અને હાલના આરોપી તેઓની મંડળીના સભાસદ હોય જેઓનો સભાસદ નં.૮૩૦ છે. આ કામના આરોપીએ તેઓની મંડળી પાસેથી રૂ.૫૦,૦૦૦/- નું ૨૦% લેખે તા.૨૯/૦૪/૨૦૧૯ ના રોજ ધિરાણ મેળવેલ અને જે લોન કેસમાં થયેલ શરતો અનુસાર આરોપી રકમ ભરતા ન હોય અને આરોપી પાસે મંડળીની સંસ્થાની મુદલ અને વ્યાજ સહીત રકમ ચડત થયેલ હોય જેથી આરોપીને મંડળી દ્વારા **તા.૦૫/૦૨/૨૦૨૫** ના રોજ માંગણા નોટીસ આપતા આ કામના આરોપીએ **રૂ.૫૧,૫૫૭/- નો ચેક નં.૧૨૬૩૨૭** નો સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા અમરેલી શાખાનો **તા.૨૪/૦૨/૨૦૨૫** ના રોજનો આપેલ જે ચેક આરોપીની સુચના મુજબ ફરિયાદીએ તેઓની અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, લીલીયા શાખામાં વટાવવા નાખતા જે ચેક આરોપીના ખાતામાં અપુરતુ બેલેન્સના શેરા સાથે પરત ફરેલ. જેની જાણ તેઓને તા.**૨૫/૦૨/૨૦૨૫** ના રોજ કરવામાં આવેલ અને જે ચેક પરત ફર્યાની જાણ આરોપીને કરતા આરોપીએ કોઈ જવાબ આપેલ નહીં.

(૧.૨) જેથી ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબની નોટીસ **તા.૧૦/૦૩/૨૦૨૫** રજી. એ.ડી. દ્વારા મોકલવામાં આવેલ.જે નોટીસ આરોપીને **તા.૧૩/૦૩/૨૦૨૫** ના રોજ મળી

ગયેલ છે. ત્યારબાદ તેમ છતા આરોપીએ સદર ચેકની લેણી રકમ ફરીયાદીને ચુકવી આપેલ નથી કે ચુકવી આપવાની કોઈ તૈયારી દર્શાવેલ નથી.

(૧.૩) આરોપીએ સમય મર્યાદામાં ચેકના નાણાંની ચુકવણી ન કરતાં, ફરિયાદીએ **તા.૧૬/૦૪/૨૦૨૫** ના રોજ હાલના આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુનાની ફરિયાદ અત્રેની અદાલતમાં દાખલ કરેલ.

(૧.૪) ઉપરોકત હકીકત મુજબની ફરિયાદ અત્રેની અદાલતમાં રજુ થતાં ગુનાનું સંજ્ઞાન લઈ આરોપી વિરૂધ્ધ અધિનિયમની કલમ–૧૩૮ મુજબના ગુનાનો સમન્સ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૨૨૭** અન્વયે કાઢવા હુકમ કરેલ.

(૧.૫) આરોપીને સમન્સની બજવણી થતા, તેઓ કોર્ટમાં હાજર થયેલ અને ફરિયાદની નકલ આરોપીને મળ્યાની ખાતરી કરી, **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ**–૨૭૪ મુજબ **તા.૦૧/૦૪/૨૦૨૬** ના રોજ આરોપીની પ્લી **આંક–૧૬** થી નોંધવામા આવેલ. આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં, તેઓ સામે કેસની કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ કેસ તરીકે આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૧.૬) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છેઃ–

(અ) ફરિયાદપક્ષે મૌખિક પુરાવો :–

(૧) આંક–૦૪ થી ફરિયાદી રેખાબેન પરશોતમભાઇ ગાયજનનું સરતપાસનું સોગંદનામું

(બ) ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવો :–

(૧) આંક–૧૭ થી ફરિયાદી મંડળીનો અધિકાર આપતો ઠરાવ

(૨) આંક– ૧૮ થી માંગણાની નોટીસ

(૩) આંક –૧૯ થી આરોપીએ આપેલ રૂા.૫૧,૫૫૭/– નો ચેક નં.૧૨૬૩૨૭ નો એસ.બી.આઇ.અમરેલી શાખા.

(૪) આંક– ૨૦ થી બેંકનો કાઉન્ટર પાર્ટ

(૫) આંક– ૨૧ થી બેંક રીટર્ન મેમો

(૬) આંક – ૨૨ થી આરોપીને આપેલ લીગલ નોટીસ

(૭) આંક –૨૩ થી આરોપીને લીગલ નોટીસ રજિ.એડી. કર્યાની પહોંચ

(૮) આંક –૨૪ થી આરોપીને આપેલ નોટીસનુ એકનોલેજમેન્ટ

(૯) આંક –૨૫ થી આરોપીના હિસાબી ખાતાની નકલ

(૧૦) આંક –૨૬ થી આરોપીએ ધીરાણ મળવા આપેલ અરજની નકલ

(૧૧) આંક –૨૭ થી આરોપીએ કરી આપેલ જામીનખત/કરજખતની નકલ

(૧૨) આંક –૨૮ થી આરોપીએ લખી આપેલ વચનચિઠ્ઠી/પ્રોમીસરી નોટ

(૧૩) આંક–૨૯ થી આરોપી સામે ચેક રીટર્નની ફરિયાદ કરવાનો ઠરાવ

(૧.૭) ફરીયાદપક્ષે આ સિવાય વધુ કોઈ લેખિત/મૌખિક પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ નથી. ફરિયાદપક્ષે આંક–૩૨ થી કલોઝીંગ પુરસીષ રજુ થયેલ છે.

(૧.૮) આરોપી પક્ષે કોઈ મૌખિક કે લેખિત પુરાવો રજૂ થયેલ નથી.

(૧.૯) આ કામે ફરીયાદપક્ષે સરતપાસનું સોગંદનામું તથા ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ બચાવપક્ષને ફરીયાદીની ઉલટતપાસ માટે પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવેલ હોવા છતાં બચાવપક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરેલ નથી. જેથી રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લઈ તેમજ આરોપીનો ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હકક **તા.૦૪/૦૭/૨૦૨૬** રોજ બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપીએ હાજર રહી ઊલટતપાસનો હક્ક ઓપન કરવા માટે અત્રેની અદાલત સમક્ષ કોઈ અરજ કરેલ નથી કે ઊલટતપાસનો હક્ક બંધ કરવાના હુકમને સક્ષમ ઓથોરીટી સમક્ષ પડકારવામાં આવેલ નથી. ત્યારબાદ પણ આરોપી હાજર રહેલ ન હોય કે કોઈ રજૂઆત કરેલ ન હોય, આથી રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લઈ આરોપીનો વિશેષ નિવેદનનો હક્ક **તા.૦૬/૦૭/૨૦૨૬** ના રોજ બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આરોપી પક્ષે પોતાના બચાવમાં કોઈ જ લેખિત/મૌખિક પુરાવાઓ રજૂ કરેલ નથી.

(૧.૧૦) આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદ પક્ષની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે આરોપી પક્ષને દલીલો કરવા માટે તક આપવામાં આવેલ હોવા છતાં આરોપી હાજર રહેલ નથી. આથી આરોપીનો દલીલોનો હક્ક **તા.૦૭/૦૭/૨૦૨૬** ના રોજ બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવાના પરીપ્રેક્ષ્યમાં સદર કેસનો ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૨.૧

મુદ્દા નં.૧

શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એવુ પુરવાર કરે છે કે ફરિયાદીને કાયદેસરના લેણાં ની ચુકવણી પેટે આરોપીએ **સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા અમરેલી શાખાનો રૂા.૫૧,૫૫૭/– નો ચેક નં. ૧૨૬૩૨૭** વાળો **તા.૨૪/૦૨/૨૦૨૫** ના રોજ આપેલ હતો જે ફરીયાદીએ તેઓની બેંકમા કલીયરીંગ માટે **અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંક, લીલીયા** શાખામાં **તા.૨૪/૦૨/૨૦૨૫** ના રોજ રજૂ કરતા જે આરોપીના ખાતામાં અપુરતું બેલેન્સના શેરા સાથે ચેક રીટર્ન મેમા સાથે **તા. ૨૫/૦૨/૨૦૨૫** ના રોજ પરત ફરેલ. જેથી ફરીયાદીએ સદર બાબતે આરોપીને જાણ કરતાં, આરોપીએ સંતોષકારક જવાબ આપેલ નહિ. જેથી ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે આરોપીને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટસ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબની નોટીસ **તા.૧૦/૦૩/૨૦૨૫** ના રોજ રજી.એ.ડી.પોસ્ટ મોકલેલ અને ત્યારબાદ આરોપીને નોટીસની બજવણી થયેલ છે. આમ નોટીસ આરોપીને બજી ગયેલ તેમ છતાં આરોપીએ પરત આવેલ ચેકની કોઈ રકમ ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આમ, આરોપીએ કાયદાકીય સમય મર્યાદામાં ફરિયાદીને ચેકના નાણાં નહીં ચુકવી, અધિનિયમની કલમ– ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨.૨ મુદ્દા નં.૨

શું હુકમ ?

(૩) ઉપરોકત જણાવેલ મુદ્દા માટેના નિર્ણયો નીચે મુજબ છે.

૩.૧ મુદ્દા નં. ૧ હકારમા.

૩.૨ આખરી હુકમ મુજબ.

(૪) આ કામે મુદ્દા નં. ૧ ના કારણો નીચે મુજબ છે.

(૪.૧) આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે આ કામે ફરીયાદીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ના આવશ્યક તત્વો સાબિત કરવાના રહે છે. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીના શિરે રહેલી છે.

૧. આરોપીએ પોતાના ધ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણાં ચૂકવવા ફરીયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખ લખેલ હતો તે તારીખથી ચેકને નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપૂરતા ભંડોળને કારણે પરત થયેલો.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર(આરોપી)ને મોકલેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં ૧૫ દિવસની સમયમર્યાદામાં ચૂકવી આપેલા નથી.

(૪.૨) આ કામે રેકર્ડ ઉપર રજુ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં અગાઉ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ અન્વયે અદાલતે કેટલાક અનુમાનો કરવાના હોય છે. જો એકવાર એવું પુરવાર થાય કે આરોપીએ ફરીયાદીને ચેક આપેલ હતો તો તે અનુસંધાને અદાલતે કેટલાક અનુમાન કરવાના રહે છે. જોકે આ અનુમાનો નિર્ણાયક પુરાવો નથી પરંતુ તેવા અનુમાનો યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસાથી ખંડન કરી શકાય. વધુમાં સદર કાયદાકીય અનુમાનોનું ખંડન કરવા આરોપીએ સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ એવો કાયદાનો કોઈ નિયમ નથી પરંતુ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટી થકી તેમજ ફરીયાદીની ઉલટતપાસ તેમજ રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી અનુમાનોનું ખંડન કરી શકે છે.

(૪.૩) આ તબક્કે નેગોશિયેબલ કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે.

118. **Presumptions as to negotiable instruments.** Until the contrary is proved, the following presumptions shall be made:

(a) **of consideration.** that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it negotiated endorsed, has or been accepted, transferred, negotiated or was endorsed, accepted, transferred for consideration;

(b) as to date that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) as to time of acceptance that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) as to time of transfer. that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) as to order of endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) as to stamp that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) that holder is a holder in due course that the holder of a negotiable instrument is a holder in due course: Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

139. Presumption in favour of holder. It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

(૪.૪) સદર કામે ફરીયાદપક્ષે રજુ કરેલ દસ્તાવેજોને તા.**૦૪/૦૬/૨૦૨૬** ના રોજ **આંક–૧૭ થી ૨૯** આપવામાં આવેલ છે તથા તે તમામ દસ્તાવેજોને જુબાનીમાં ફરીયાદીએ રીફર કરેલ છે જેને આરોપીપક્ષે પડકારવામાં આવેલ નથી.

(૪.૫) ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ નો ગુનો બનવા માટે ચેકમાં જે તારીખ લખેલ હોય તે તારીખથી ૩ માસ અથવા તેની કાયદેસરની મુદતની અંદર ચેક બેંકમાં વસુલાત માટે રજુ કરવો જરૂરી છે આ ઉપરાંત ચેક બેંકમાં નાખ્યા બાદ તે ચુકવાયેલ ન હોવાના શેરા સાથે પરત આવ્યા ની બેંક તરફથી માહિતી મળ્યાના ૩૦ દિવસમાં ચેક લખનારને લેખિતમાં નોટીસ આપી ચેકમાં લખેલ રકમની ચુકવણી કરવા માગણી કરવી જરૂરી છે. આ રીતે

લેખિતમાં નોટીસ આપ્યા બાદ ૧૫ દિવસમાં ચેક લખનાર ચેક મુજબની રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય તો સદરહુ ગુના સબંધી કલમ અમલમાં આવે છે આ સંદર્ભે પ્રસ્તુત કેસની હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામે **આંક–૧૯** થી રજુ **ચેક નંબર –૧૨૬૩૨૭ તા.૨૪/૦૨/૨૦૨૫** ના રોજ લખવામાં આવેલ છે અને આ ચેક આ કામના ફરીયાદી દ્વારા વસુલાત માટે તેમના ખાતામાં જમા કરાવવામાં આવેલ છે આથી સદર ચેક નિયત સમય મર્યાદામાં વસુલાત માટે બેંકમાં રજુ કરવામાં આવેલ હોવાની હકીકત સાબિત થાય છે. સદર ચેક **તા.૨૫/૦૨/૨૦૨૫** નારોજ રીર્ટન મેમોમાં જણાવ્યા મુજબ અપુરતા ફંડના શેરા સાથે પરત આવેલ છે જે અંગેનો રીર્ટન મેમો આ કામથી **આંક–૨૧** થી રજુ કરવામાં આવેલ છે. આમ સદર હકીકત જોતા આ કામે ધી નેગોશીએબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ક.૧૩૮–એ નું પાલન થયેલ છે. આ કામે આરોપીએ આપેલ ચેક પરત ફરતા આ કામના આરોપીને ફરીયાદીએ **તા. ૧૦/૦૩/૨૦૨૫** ના રોજ તેમના વ.શ્રી મારફત કાયદેસરની નોટીસ આપેલ જે નોટીસ આ કામે **આંક–૨૨** થી રજુ કરવામાં આવેલ છે તથા **આંક–૨૪** થી આરોપીને નોટીસ બજી ગયાની પોસ્ટ ઓફીસની ની એકનોલેજમેન્ટ રજૂ છે. આમ, ઉપરોક્ત રીતે હાલના આરોપી સામે નોટીસની બજવણી થયાનું અનુમાન થઈ શકે તેમ હોય સદર હકીકત જોતા આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮–બી નું પાલન થયેલ છે જેથી આ કામે ફરીયાદી દ્વારા આરોપીને નોટીસ મોકલવામાં આવેલ હતી તે નોટીસ આરોપીને બજી ગયા બાદ પણ ૧૫ દિવસમાં ચેકના નાણાં પરત આપેલ નથી આમ સદર હકીકત જોતા આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની ક.૧૩૮–સી નું પાલન પણ થયેલ છે. આમ હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ક.૧૪૨–બી મુજબ સમયમર્યાદામાં છે જે તમામ હકીકત ધ્યાને લેતાં તે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ ની તમામ મેન્ડેટરી જોગવાઈઓનું પાલન થયેલ છે.

(૪.૬) આ કામે કેસનું રેકર્ડ જોતાં, તકરારી ચેક આરોપીએ આપેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે તથા તકરારી ચેક આરોપીના ખાતાના હોવાની અને ચેકમાં આરોપીની સહી હોવાની હકીકત સ્વીકૃત હકીકત છે. જેથી, ફરીયાદીએ **"Execution of Cheque"** પુરવાર કરેલ છે. જેથી એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૯ હેઠળનું પ્રિઝમ્પ્સન ફરીયાદીની તરફેણમા કરવાનું રહે છે. હવે એ નકકી કરવાનું રહે છે કે, આ કામના આરોપી એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૯ હેઠળના ફરીયાદીની તરફેણના અનુમાનોને ખંડન કરવામાં

સફળ રહેલ છે કે કેમ ? એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૯ હેઠળના સ્ટેચ્યુટરી પ્રિઝમ્પ્સનનું ખંડન આરોપી કઈ અને કેટલી રીતે કરી શકે તે બાબતે નીચે મુજબની કાયદાકીય પરિસ્થિતિને ધ્યાને લેવી અગત્યની છે. આ તબકકે નામ.સુપ્રિમ કોર્ટના **Kumar Exports Vs Sharma Carpets, 2008(0)AIJEL-SC 42685** ના ચુકાદાના **પેરા–૧૧** ને અત્રે ધ્યાને લેવો અગત્યનો છે.

The use of the phrase "until the contrary is proved" in Section 118 of the Act and use of the words "unless the contrary is proved" in Section 139 of the Act read with definitions of "may presume" and "shall presume" as given in Section 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is

clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. ***To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant.*** *The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139 of the Act. The accused has also an option to prove the non- existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once such rebuttal evidence is adduced. and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant and, thereafter, the presumptions under Sections 118 and 139 of the Act will not again come to the complainant's rescue.*

ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિને ધ્યાને લેતાં, સામાન્ય વ્યકિત માનવાને પ્રેરાય તેવો ''પ્રોબેબલ ડિફેન્સ'' આરોપી રેકર્ડ ઉપર રજુ પુરાવા થકી એટલે કે "પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલીટી" થકી અથવા તો પુરાવો રજુ કરી એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૯ હેઠળના અનુમાનોનું ખંડન કરી શકે છે.

(૪.૭) આ કામે રેકર્ડ પરની સમગ્ર હકીકતો ધ્યાને લેતાં, આરોપીની ફરિયાદની હકીકતો પરત્વે પ્લી નોંધેલ ત્યારે ફરીયાદીની ફરીયાદ હકીકતો નકારેલ અને ગુન્હો કબુલેલ નથી તેવું જણાવેલ છે તે સિવાય કોઈપણ સ્પષ્ટ બચાવ લીધેલ નથી તેમ છતાં, આ કામે રેકર્ડ ઉપરના ઉપસ્થિત પુરાવા અને હકીકતોનું મુલ્યાંકન કરવામાં આવે તો, સૌ પ્રથમ આ કામના આરોપીએ પ્લી નોંધતા સમયે, કોઇ ડિફેન્સ રજુ કરેલ નથી તેમજ કેસની સમગ્ર ટ્રાયલ દરમ્યાન ફરીયાદવાળા ચેકમાં પોતાની સહી બાબતે કોઈ સ્પષ્ટ તકરાર લીધેલ નથી કે આવી હકીકતને પુરવાર કરેલ નથી. જેથી આરોપીએ પોતાની સહી કરી હાલનો ફરીયાદવાળો ચેક ફરીયાદીને આપેલ હોવાનું માનવાને કારણ રહે છે. આમ, ફરીયાદવાળા વિવાદીત ચેક અન્વયે જયાં સુધી વિરૂધ્ધની હકીકત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી કાયદેસરના દેવા પેટે આપેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે. વધુમાં એકટની કલમ– ૧૧૮ સાથે વંચાણે લેતા કલમ–૧૩૯ ના અનુમાનો મુજબ વિવાદીત ચેકો આરોપીએ કોઈ દેવાની પુર્ણ કે અંશત: ચુકવણી સારૂ અથવા તો અન્ય કોઈ જવાબદારી અદા કરવા સારૂ આપેલ હશે તેવું અનુમાન કરવાનું રહે છે. પરંતુ આરોપી તરફે ઉલટ તપાસ કરેલ નથી કે આરોપી દ્વારા કોઈ ખંડનાત્મક પુરાવો રજુ થયેલ નથી તેમજ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબલીટીથી ફરિયાદની અને ચેકની હકીકતોનું ખંડન કરેલ નથી.

(૪.૮) વધુમાં, પ્રાથમિક તબક્કે જ આ કામે ફરીયાદપક્ષ દ્વારા સરતપાસનું સોગંદનામું રજુ રાખ્યા બાદ આરોપીપક્ષે ઉલટ તપાસ કરેલ નથી તેમજ ચેક અંગે કોઈ ડિફેન્સ રજુ કરેલ નથી તેમજ ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ નથી. તેમજ ફરીયાદીની સરતપાસ તળે ઉલટતપાસ કરવા માટે આરોપીપક્ષને પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવ્યા બાદ પણ આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ ન હોય, જેથી નામદાર ગુજરાત રાજયની વડી

અદાલતના ચુકાદા **APPLICATION NO. 6721 OF R/SPECIAL CRIMINAL 2023, MANOJ VASUDEV SOMPURA V/S. STATE OF GUJARAT** મુજબ આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસનો હક બંધ કરવામા આવેલ છે. ત્યારબાદ પણ આરોપીપક્ષે ફરીયાદીની ઉલટતપાસનો હકક ઓપન કરવા માટે અત્રેની કોર્ટ સમક્ષ અરજ કરેલ નથી કે અત્રેની કોર્ટના હુકમને સક્ષમ ઓથોરિટી સમક્ષ પડકારેલ નથી. આમ, ફરીયાદીની ઉલટ તપાસ દ્વારા પોતાનો બચાવ રજુ કરવાની પણ આરોપી દ્વારા દરકાર લેવામાં આવેલ નથી તેમજ આરોપી વિશેષ નિવેદન માટે હાજર રહેલ નથી. જેથી વિશેષ નિવેદનનો હકક બંધ કરી ત્યારબાદ અંતિમ તક સ્વરૂપે દલીલ કરવાની પણ દરકાર લીધેલ નથી. જેથી હાલનું કામ પુરાવાકીય મુલ્યાંકન આધારે ગુણ દોષ ઉપર આખરી ઠરાવ માટે રાખવામા આવેલ છે.

(૪.૯) આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા **R/SPECIAL CRIMINAL APPLICATION NO. 6721 OF 2023, MANOJ VASUDEV SOMPURA V/S. STATE OF GUJARAT** તથા **INDIAN BANK ASSOCIATION V/S. UNION BANK OF INDIA** મુજબ આરોપીને તેઓની સામે હાલનો કેસ નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે તે જાણમાં છે તેમ છતાં કેસની કાર્યવાહી માટે હાજર રહેલ નથી અને આરોપી ઈરાદાપૂર્વક કેસ પેન્ડીંગ હોવાનું જાણવા છતાં હાજર રહેલ નથી. જેથી આરોપીની ગેરહાજરીમાં ઉપરોકત ચુકાદા મુજબ આરોપી કેસ પેન્ડીંગ હોવાનું જાણવા છતાં એક પ્લી વખતે કોઈ ડિફેન્સ રજુ કરેલ ન હોય અને ફરિયાદીની ફરિયાદની હકીકતોનું ખંડન કરેલ ન હોય ત્યારે રજુ ફરિયાદ તથા તેની સાથેના દસ્તાવેજ અને તેમાં નોંધેલ હકીકતો નહીં માનવાને કોઈ વ્યાજબી શંકા આરોપીએ ઉત્પન્ન કરેલ નથી. આ કામે ફરીયાદવાળો ચેક ડીસઓનર થયા બાદ અને ફરીયાદી દ્વારા કાયદેસરની નોટીસ આરોપીના સાચા અને ખરા સરનામે મોકલવામાં આવેલ છે અને તે નોટીસની આરોપીને બજવણી થયેલ છે. આરોપીપક્ષે ચેક રીર્ટનની નોટીસ બજેલ નથી તે અંગે કોઈ તકરાર લીધેલ નથી કે કોઈ બચાવ રજુ કરેલ નથી કે, તેવી હકીકતથી વિરૂધ્ધની હકીકત સાબિત કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી. રેકર્ડ ધ્યાને લેતા આરોપીએ ફરીયાદવાળો ચેક કાયદેસરના દેવા અથવા તો

જવાબદારી પેટે આપેલ ન હતા તેવો કોઈપણ સ્પષ્ટ બચાવ લઈ તે બચાવને આરોપીપક્ષે રેકર્ડ ઉપર પુરવાર કરવા માટે પ્રયત્ન સુધ્ધા કરેલ નથી. આ કામે આરોપીએ માત્ર પોતાની પ્લીમાં ગુન્હો કરેલ ન હોવાનો બચાવ લીધેલ છે તે સિવાય અન્ય કોઈ સ્પષ્ટ બચાવ લીધેલ નથી કે આવા બચાવને પુરવાર કરવા માટે કોઈ સફળ પ્રયત્ન કરેલ નથી. જેથી સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા બચાવપક્ષ પોતાના શીરે આવેલ કાનુની અનુમાનોનું ખંડન કરવા કોઈપણ જાતના પ્રયત્ન કરેલ ન હોય, બચાવપક્ષને કાનુની અનુમાનોનું ખંડન કરવા સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ હોવાનું રેકર્ડ ધ્યાને લેતા સ્પષ્ટપણે જણાઈ આવે છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષે ફરીયાદ હકીકતને સમર્થનકારી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાથી વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવા આરોપીપક્ષે પ્રયત્ન કરેલ નથી કે આવા દસ્તાવેજોને પડકારવામાં આવેલ નથી. જયારે આ દસ્તાવેજોને ફરીયાદીના સરતપાસના સોગંદનામાથી સમર્થન મળેલ હોય તે સંજોગોમાં આ દસ્તાવેજો અને તેમાં નોંધેલ હકીકતોને નહીં માનવાને કોઈ જ વાજબી કારણ ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવતું નથી.

(૪.૧૦) આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબ હાલની ફરીયાદ દાખલ થયા બાદ આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરવાની પણ કોઈ દરકાર લીધેલ નથી, તેમજ વિશેષ નિવેદન માટે પણ હાજર રહેલા નથી અને ત્યારબાદ દલીલો માટે પણ હાજર રહેલા નથી. તેવા સંજોગોમાં આરોપીએ, ફરીયાદીને ફરીયાદવાળો ચેક કાયદેસરના દેવાની ચુકવણી સારૂ આપેલ હોવાની હકીકત રેકર્ડ ઉપરથી પુરવાર થઈ આવે છે. આ કામના આરોપી પોતાના ખાતાનો અને સહીવાળો ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવ્યો ? તે અંગેના કોઈ સ્પષ્ટ કે વ્યાજબી ખુલાસો આરોપીએ કરેલ નથી કે આવા કોઈ ખુલાસાને રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરેલ નથી. વધુમાં આરોપીપક્ષે સંભવિતતાના ઉચ્ચ ગુણવત્તાવાળા કોઈ બચાવથી ફરીયાદી તરફેના અનુમાનોનું ખંડન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર પુરવાર કરી શકેલ નથી. આમ, ઉપરોકત તમામ ચર્ચાના અંતે, રેકર્ડ ઉપરની સમગ્ર હકીકતો ધ્યાને લેતા આરોપી દ્વારા માત્ર અને માત્ર અત્રેની

કોર્ટ સમક્ષ નોંધવામાં આવેલ પ્લીમાં ગુન્હો કરેલ હોવાનો ઈન્કાર કરવામાં આવેલ છે, જે આરોપીને નિર્દોષ સાબિત કરવા માટે પુરતું હોવાનું કોઈપણ સંજોગોમાં માની શકાય તેમ નથી.

(૫) આમ, ફરિયાદપક્ષનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો જોતાં હાલના આરોપી ઉપર ચર્ચા કરી તે મુજબ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેટની કલમ – ૧૩૮ તથા અનુમાનોના આધારે ફરીયાદપક્ષે સંપૂર્ણ કેસ પુરવાર કરેલ છે તેવુ મારુ નમ્રપણે માનવુ છે. વધુમાં, **૨૦૧૦ (૩) ક્રાઈમ્સ (એસ.સી.) ૪૦, રંગપ્પા વિરુધ્ધ શ્રી મોહનના** ચુકાદામા નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા ઠરાવેલ છે કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ– ૧૩૮ હેઠળ ઈસ્યુ થયેલ ચેક કાયદેસરના દેવા કે જવાબદારી કે તેના ભાગ પેટે ઈસ્યુ કરેલાનું અનુમાન કરવાનું રહે છે અને તે અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે. જે સમગ્ર પુરાવો જોવામાં આવે તો આરોપી તેવું ખંડન કરી શકેલા નથી. હાલનાં કેસમાં આરોપીએ, ફરીયાદીની તેમની પાસે કોઈ બાકી લેણી રકમ રહેતી નથી કે ફરીયાદીને જે ચેક આપવામાં આવેલ છે તે ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ નથી, તેવો કોઈ ખંડનાત્મક પુરાવો રેકર્ડે લાવેલા નથી. જયારે આરોપી પોતાની સામે પડેલ પુરાવાનું અને એકટની કલમ:૧૧૮ તથા ૧૩૯ મુજબના અનુમાનોનું ખંડન કરી શકેલ નથી કે ખંડનાત્મક પુરાવો રજુ કરી શકેલ નથી. આમ, આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોવાનું પુરવાર થતું હોય તેથી **મુદ્દા નંબર–૧ નો નિર્ણય '' હકારમાં** " ઠેરવી મુદ્દા નં.૨ નો જવાબ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

ઃ- <u>હુકમ</u> ઃ-

આ કામના આરોપી **ફરજાનાબેન અકબરઅલી કુરેશી, ઉ.વ.૫૦, રહે.જુમાં મસ્જિદ પાસે, સાગોરાની ડેલી, મું.અમરેલી, તા.અમરેલી, જિ.અમરેલી**વાળાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-**૨૭૮(૨)** મુજબ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:૧૩૮ અન્વયેના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને સજા અંગે સાંભળવા મુલત્વી.

આજરોજ તા: **૧૭ મી,** માહેઃ **જુલાઇ,** સનેઃ **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા: ૧૭/૦૭/૨૦૨૬
લીલીયા

(જય એસ. ત્રિવેદી)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
લીલીયા
(CODE NO. GJ-01702)

<u>(૬) સજા બાબતે સાંભળ્યા બાદનો હુકમ</u>

(૬.૧) સદર કામે આરોપી ગેરહાજર છે. આરોપીનો વારંવાર પોકાર કરાવતા આરોપી હાજર થયેલ નથી તેમજ આરોપી તરફે કોઈ રીપોર્ટ કે રજુઆત નથી. આથી રેકર્ડના આધારે સદર કેસનો ન્યાયિક નિકાલ કરવામાં આવે છે.

આ કામે ફરીયાદીના વિ.વ.શ્રી તેમની દલીલમાં જણાવે છે કે, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે. આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ ૧૩૮ અન્વયે ગંભીર ગુનો કરેલ હોય, કાયદામાં દર્શાવેલ મહમત સજા કરી, દંડ કરી, તેમજ ચેકની બમણી રકમ વળતર તરીકે ચુકવવા માટે વિનંતી કરેલ છે.

(૬.૨) આ કામે કાયદાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, કાયદાનુસાર જયારે સજા અંગે કોઈ ન્યુનતમ સજાની જોગવાઈ કરવામાં આવી ન હોય ત્યારે આરોપીને કેટલી સજા કરવી તે કોર્ટની વિવેકાધિન સત્તા છે અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર જયારે પણ કોર્ટને વિવેકાધિન સત્તા મળેલ હોય ત્યારે તેનો મનસ્વી રીતે ઉપયોગ થઈ શકે નહિ અને તેવી સત્તાનો ઉપયોગ ખુબ જ સંભાળપૂર્વક અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને અનુરૂપ કરવાનો હોય છે. સામાન્ય રીતે સજાની માત્રા અંગે નામદાર વડી અદાલતો તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્વારા માર્ગદર્શક સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. જે મુજબ સજા અત્યંત હળવી પણ ના હોવી જોઈએ, તેમજ સાથો સાથ અત્યંત કઠોર પણ ન હોવી જોઈએ. ગુનાની ગંભીરતા, તેના સંજોગો, આરોપીની ઉંમર તથા તેનો સામાજીક દરજજો તથા તે કયા સમાજમાંથી આવે છે, તે વિગેરે બાબતો પણ ધ્યાને લઈ સજા અંગેનો નિર્ણય કરવાનો રહે છે. સદર કાયદામાં આ જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળનો ધારાસભાનો હેતુ બેંકોનું કામકાજ તેના નિયમોનુંસાર અને કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતું રહે તેમજ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટમાં લોકોનો વિશ્વાસ જળવાઈ રહે તે માટેનો છે. સબબ કાયદો ઘડવા પાછળનો હેતુ ધ્યાને લેતા આવા કેસમાં આરોપી પ્રત્યે દયા રાખવી ના જોઈએ અને સમાજમાં દાખલો બેસે અને લોકોનો બેંકીગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને સજા

કરવાની દલીલ ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ છે. પરંતુ, હાલનો ગુનો એ સમાજના નૈતિક મૂલ્યોને કે માનવીના શરીર કે મિલકતોને અસર કરતો નથી. પરંતુ, સદર ગુનો આર્થિક ગુનો છે અને તે પક્ષકારના અંગત હિતને અસર કરે છે.

(૬.૩) નામ. ગુજરાત વડી અદાલતે **શંકરલાલ એમ. પરમાર વિરૂધ્ધ દિનેશ બાબુલાલ બોરીચાવાલા, જી. એલ. એચ. ૨૦૦૭(૧) પાના નંબર ૨૨૫** માં ઠરાવેલ છે કે, જયારે સજાની સાથે વળતરનો હુકમ પણ કરવો હોય તો દંડની સજા કરવી ન્યાયોચીત નથી, આ સંજોગોમા આરોપી પક્ષે દંડ કરવાની જે હકીકત જણાવવામા આવેલ છે તેમ જ સાથો સાથ વળતર પણ અપાવવાની જે માગણી કરવામા આવેલ છે તેને લક્ષમા લેતા નામ. ગુજરાત વડી અદાલતના ઉપરોકત ચુકાદા મુજબ દંડ કરવાનું અત્રેની અદાલતને ન્યાયોચીત જણાતુ નથી.

(૬.૪) જયારે આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત થયેલ હોય અને આરોપીએ ફરીયાદી પાસેથી લીધેલ નાણાં પરત ચુકવી આપેલ નથી. જેના કારણે ફરીયાદીએ ના.કોર્ટમાં આવી સમય, શકિત, નાણાં તેમજ માનસિક અને શારીરિક જે તકલીફો ભોગવવી પડેલ છે તેના બદલામાં ફરીયાદી વળતર મેળવવા હકકદાર હોવાનું આ કોર્ટનુ માનવું હોય. તેમજ ના.વડી અદાલતના અને સર્વોચ્ચ અદાલતના અનેક ચુકાદાઓમાં ઠરાવવામાં આવેલ છે કે, જયારે આરોપી સામેનો ગુનો સાબિત થતો હોય તેવા સંજોગોમાં ફરીયાદીને યોગ્ય વળતર ચુકવવાનો હુકમ કરવો જોઈએ. જેથી આ કામે ફરીયાદીને વળતર ચુકવી આપવા માટે **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૩૯૫(૩)** મુજબનો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

(૬.૫) આ કામે જયારે વળતર ચુકવી આપવાનો હુકમ કરવો ન્યાયોચીત હોવાનું જણાય છે તેવા સંજોગોમાં, જો આરોપી તે વળતર ન ચુકવે તો વળતરના હુકમનો કોઈ જ અર્થ રહેતો નથી. જેથી તેવા સંજોગોમાં જો આરોપી હુકમ મુજબ વળતર ચુકવી શકે નહિ તો તેને કેદની સજાનો હુકમ પણ કરી શકાય છે.

જે બાબતે ના.સર્વોચ્ચ અદાલતના **K.A. ABBAS H.S.A. Vs. SABU JOSEPH, (2010)3 CRIMES (S.C.) 15** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામા આવેલ છે કે, જો

આરોપીને વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવેલ હોય અને જો આરોપી વળતર ન ચુકવે તો તેના કસુર બદલ
આરોપીને કેદની સજાનો હુકમ કરી શકાશે. તે સંબંધે સદર ચુકાદામાં પેરા ૨૭ અને પેરા–૨૯ મહત્વના છે. જે નીચે મુજબ છે.

Para: 27 - ....it becomes very clear, that, a sentence of imprisonment can be granted for default in payment of compensation awarded under Section 357(3) of Cr.PC.(which is now 395(3) of BNS). The whole purpose of the provision is to accommodate the interests of the victims in the criminal justice system. Sometimes the situation becomes such that there is no purpose is served by keeping a person behind bars. Instead directing the accused to pay an amount of compensation to the victim or affected party can ensure delivery of total justice. Therefore, this grant of compensation is sometimes in lieu of sending a person behind bars or in addition to a very light sentence of imprisonment. Hence on default of payment of this compensation, there must be a just recourse. Not imposing a sentence of imprisonment would mean allowing the accused to get away without paying the compensation and imposing another fine would be impractical as it would mean imposing a fine upon another fine and therefore would not ensure proper enforcement of the order of compensation. While passing an order under Section 357(3) (Which is now 395(3)), it is imperative for the courts to look at the ability and the capacity of the accused to pay the same amount as has been laid down by the cases above, otherwise the very purpose of granting an order of compensation would stand defeated.

Para: 29 : Section 431 (Which is now 471) clearly provides that an order of compensation under Section 395 (3)(Which is now 395(3)) will be recoverable in the same way as if it were a fine. Section 421(Which is now 461) further provides the mode of recovery of a fine and the section clearly provides that a person can be imprisoned for non-payment of fine. Therefore, going by the provisions of the code, the intention of the legislature is clearly to ensure that mode of recovery of a fine and compensation is on the same footing.In light of the aforesaid reasoning, the contention of the accused that there can be no sentence of imprisonment for default in payment of compensation under Section 357 (3)(Which is now 395(3)) should fail.

૬.૬. આમ, સદર કામે આરોપીએ ફરીયાદીને કાયદેસરના દેવા પેટે ફરીયાદમા દર્શાવેલ **ચેક નં.૧૨૬૩૨૭ તા.૨૪/૦૨/૨૦૨૫, રૂા.૫૧,૫૫૭/– (અંકે રૂપિયા એકાવન હજાર પાંચસોહ સતાવન પુરા)** નો ચેક આપેલ હતો. આમ, ફરીયાદીની આરોપી પાસેથી **રૂા.૫૧,૫૫૭/– (અંકે રૂપિયા એકાવન હજાર પાંચસોહ સતાવન પુરા)** લેણી રકમ થાય છે તે મુજબ વળતર અપાવવાનો હુકમ કરવો ન્યાયીક જણાય છે.

ઉપરોકત તમામ ચર્ચાને અંતે તમામ હકીકતો ધ્યાને રાખતા, બંને પક્ષોની રજૂઆત ધ્યાને લેતા, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવું માની આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

–: <u>આખરી હુકમ</u> :–

(૧) આ કામે આરોપી **ફરજાનાબેન અકબરઅલી કુરેશી, ઉ.વ.૫૦, રહે.જુમા મસ્જિદ પાસે, સાગોરાની ડેલી, મું.અમરેલી, તા.અમરેલી જિ.અમરેલી**નાઓને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનામાં **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,**

૨૦૨૩ ની કલમ–૨૭૮(૨) અન્વયે તકસીરવાન ઠરાવી **૨ (બે) વર્ષની સાદી કેદની** સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીએ ફરીયાદીને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૯૫(૩)** મુજબ **રૂા.૫૧,૫૫૭/– (અંકે રૂપિયા એકાવન હજાર પાંચસોહ સતાવન પુરા)** કુલ વળતર પેટે **દિન–૬૦** માં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે અને આ કામે આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરશે તો વધુ **૬(છ) માસની સાદી કેદની** સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી કોર્ટ સમક્ષ વ્યાજબી કારણ વિના હાજર રહેલ ન હોવાથી આરોપી વિરુદ્ધ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૫૮(૨)** અન્વયે નોન–બેલેબલ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે તથા સદર વોરંટની અમલવારી સારું વોરંટ **પી.આઇ.શ્રી, લીલીયા, તા.લીલયા જિ.અમરેલી** તરફ મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૪૬૮** અન્વયે આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલી સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપી કોર્ટમાં હાજર કરાવ્યા બાદ આ હુકમની એક નકલ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૪૦૪(૧)** અન્વયે વિના મુલ્યે આપવી.

આજરોજ તા: **૧૭ મી,** માહેઃ **જુલાઇ,** સનેઃ **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા: ૧૭/૦૭/૨૦૨૬
લીલીયા

(જય એસ. ત્રિવેદી)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
લીલીયા
(CODE NO. GJ–01702)